Media Release

ત્વરિત જાહેરાત માટે

## બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ
## આપને યાદ અપાવે છે કે આ રજાઓની સિઝનમાં તમારે આગથી સુરક્ષિત રહેવાનું છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (15 ડિસેમ્બર 2021) – રજાઓ જ્યારે માથે છે ત્યારે બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ બધાંને પોતાની યાદીમાં આગ સામેની સુરક્ષાને મોખરે રાખવાની સલાહ આપે છે.

- નાતાલના જીવંત વૃક્ષોમાં રોજ પાણી આપવું અને નીચેના વાસણને પાણીથી ભરેલું રાખવું
- તમામ સ્મોક અને કાર્બન મોનોક્સાઇડ એલાર્મ્સ પરિવારના મેળાવડાઓ પહેલા તપાસી લેવા જેથી તમે અને તમારા મહેમાનો સુરક્ષિત રહો
- બધી રોશની કરવાની લાઈટો અને એક્સ્ટેન્શન કોર્ડ તપાસી લેવી જેથી ખાતરી રહે ક તે ઓવરલોડ નહીં થાય અને કોઈપણ નુકસાનીવાળા કે ખુલ્લા થયેલા વાયરોનો નિકાલ કરવો
- તમામ સજાવટોને મીણબત્તીઓ, ફાયરપ્લેસ અથવા પોર્ટેબલ હિટરો જેવા સાધનો અથવા ગરમ કરવાના સાધનોથી ઓછામાં ઓછી 1 મીટર (3 ફૂટ) ની દૂરી પર રાખવી
- કોઈપણ રૂમમાંથી બહાર જતાં અથવા સૂતા પહેલા સળગતી મીણબત્તીઓથી વાકેફ રહેવું અથવા તો એના બદલે બૅટરીથી ચાલતી હોય એવી બત્તીઓનો ઉપયોગ કરવો
- ઘરમાં લાગતી આગનું પ્રાથમિક કારણ રસોઇ છે. રસોઇ કરો ત્યારે રસોડામાં રહો અને કોઈપણ વિક્ષેપો થતા ટાળો.

બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ રહેવાસીઓને તે પણ યાદ અપાવે છે કે આ સિઝનમાં COVID-19 સામેની લડત અંગે જાગૃત રહેશો; હાથની સ્વચ્છતા જાળવવાનું ચાલુ રાખશો; પોતાની અને અન્ય લોકો વચ્ચે અંતર રહે તેનું ધ્યાન રાખશો અને જ્યારે ભૌતિક અંતર રાખવું શક્ય ન હોય ત્યારે માસ્ક પહેરશો.

બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસને Twitter, Facebook, અને YouTube પર આગ અંગેના સૂચનો માટે ફોલો કરો અથવા bramptonfire.com ના તેમના 12 ડેઝ ઓફ ફાયર સેફ્ટી (12 Days of Fire Safety) માટે મુલાકાત લો.

**સુવાક્યો**

"હું બ્રૅમ્પટનના તમામ નિવાસીઓને સુરક્ષિત રીતે રજાઓ ઉજવવા પ્રોત્સાહિત કરું છું. આ પરિવાર અને ઉત્સવની ઋતુ છે અને બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસના આ મહત્ત્વના સૂચનોને અનુસરવાથી તમે તેને સુરક્ષિત બનાવી શકશો."

- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન

"બ્રૅમ્પટન એક સ્વાસ્થ્યપ્રદ અને સુરક્ષિત શહેર છે. બ્રૅમ્પટન ફ઼ાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસના 12 ડેઝ ઓફ઼ ફ઼ાયર સેફ્ટી (12 Days of Fire Safety)ના સૂચનોને અનુસરવાથી તમે આ રજાઓની મોસમમાં પોતાના પરિવાર અને મિત્રોને સુરક્ષિત રાખી શકશો. હું દરેકજણને આહ્વાન કરું છું કે આ વર્ષે પોતાના હોલિડે લિસ્ટમાં આગ સામેની સુરક્ષાને મોખરે રાખશો."

- રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ઼ બ્રૅમ્પટનના પ્રમુખ

"બીજા એક પડકારભર્યા વર્ષ પછી આપણે સહુ રજાઓમાં આપણા પરિવાર અને મિત્રોને ફરી મળવા આતુરતાથી રાહ જોઇ રહ્યા છીએ. હવામાં જ્યારે આનંદ અને ઉલ્હાસનું વાતાવરણ છે ત્યારે આગથી બચવું પણ એટલું જ અગત્યનું છે. તમે અને તમારો પરિવાર સલામત અને રજાઓની સિઝન આનંદમાં ગાળો તેની ખાતરી માટે bramptonfire.com ની મુલાકાત લો જેથી તમે અમારા રજાઓ અંગેના તમામ સૂચનોની સમીક્ષા કરી શકો."

- બિલ બોય્ઝ, ફ઼ાયર ચીફ઼, બ્રૅમ્પટન ફ઼ાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક :**
પ્રભજોત કૈન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ઼ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca